**2204E289** Candidate's Seat No :________

**M.A. Semester-3 Examination**

**502 Gujarati**

**(ગુજરાતી ભાષા વિચાર અને વિનિયોગી ભાષા વિજ્ઞાન)**

**(એપ્લાઈડ લિંગ્વિસ્ટિક)**

**Time : 2-30 Hours]** **April-2025** **[Max. Marks : 70**

**સૂચના :** (૧) દરેક પ્રશ્નનાં ગુણ સમાન છે.
(૨) બધા જ પ્રશ્નો ફરજિયાત છે.

૧ ગુજરાતી ભાષા વિજ્ઞાન ક્ષેત્રે મુખ્ય-મુખ્ય ભાષા વૈજ્ઞાનિકોના પ્રદાનની ચર્ચા કરો. ૧૪

અથવા

૧ પ્રબોધ પંડિતનું ગુજરાતી ભાષા વિજ્ઞાન ક્ષેત્રે કરેલ કાર્યની ચર્ચા કરો. ૧૪

૨ નરસિંહરાવ દિવેટીયાનું ભાષા વૈજ્ઞાનિક કાર્ય વિશે નોંધ તૈયાર કરો. ૧૪

અથવા

૨ ટી. એન. દવેએ કરેલા ભાષા વિજ્ઞાન કાર્ય વિશે નોંધ લખો.

૩ હરિવલ્લભ ભાયાણીએ ભાષા વિજ્ઞાન ક્ષેત્રે કરેલા પ્રદાનની ચર્ચા કરો. ૧૪

અથવા

૩ ઊર્મિ દેસાઈ અને યોગેન્દ્ર વ્યાસના ભાષા વિજ્ઞાનમાં કરેલા કાર્ય વિશે નોંધ લખો. ૧૪

૪ સામાજિક ભાષા વિજ્ઞાન વિશે નોંધ લખો. ૧૪

અથવા

૪ નોંધ લખો (બંન્ને વિશે) : (૧) શૈલી વિજ્ઞાનનું ભાષા ક્ષેત્રે મહત્વ ૧૪
(૨) મનોભાષાવિજ્ઞાન

૫ નીચે આપેલા પ્રશ્નોની સાથે આપેલ વિકલ્પોમાંથી સાચો જવાબ આપો (ગમે તે સાત) : ૧૪

(૧) નરસિંહરાવ દિવેટીયાનો કયો નિબંધ વિદ્વાનો માટે મહત્વનો ગણાય છે.
(અ) મંડળી મળવાથી થતા લાભ (બ) સ્રી કેળવણી (ક) જોડણી વિશેનો નિબંધ (ડ) ભૂત નિબંધ

(૨) ભાષા વિજ્ઞાન ક્ષેત્રે નરસિંહરાવ દિવેટિયાનો સમયગાળો જણાવો.
(અ) ઈ.સ. ૧૮૫૫થી ૧૯૩૦ (બ) ઈ.સ. ૧૮૮૫થી ૧૯૩૨
(ક) ઈ.સ. ૧૮૫૮થી ૧૯૩૭ (ડ) ઈ.સ. ૧૮૫૭થી ૧૯૩૩

(૩) ઈ.સ. ૧૯૭૭થી ઈ.સ. ૨૦૦૬ સુધીનો સમયગાળો કયા ભાષા વૈજ્ઞાનિકનો છે?
(અ) હરિવલ્લભ ભાયાણી (બ) કમલાશંકર ત્રિવેદી (ક) કે. કા. શાસ્રી (ડ) ટી. એન. દવે

(૪) ભીલી અને ડાંગી બોલીનો અભ્યાસ કોણે કર્યો છે?
(અ) કે. કા. શાસ્રી (બ) ઊર્મિ દેસાઈ (ક) યોગેન્દ્ર વ્યાસ (ડ) ટી. એન. દવે

(૫) "ગુજરાતી ભાષાના જાગૃત ચોકીદાર" તરીકે કયા ભાષા વૈજ્ઞાનિકનું નામ જોડાયેલું છે?
(અ) કે. હ. ધ્રુવ (બ) કે. કા. શાસ્રી (ક) પ્રબોધ પંડિત (ડ) હરિવલ્લભ ભાયાણી

(૬) "ગુજરાતી ભાષાના વિધાયક પરિબળો" લેખ આપનાર ભાષા વૈજ્ઞાનિકનું નામ જણાવો.
(અ) પ્રબોધ પંડિત (બ) ઊર્મિ દેસાઈ (ક) કે. કા. શાસ્રી (ડ) જયંત કોઠારી

(૭) "ગુજરાતી ભાષામાં વર્ણવ્યવસ્થા" નામનો ગ્રંથ કોણે આપ્યો છે?
(અ) કે. બી. વ્યાસ (બ) ટી. એન. દવે (ક) પ્રબોધ પંડિત (ડ) જયંત કોઠારી

(૮) "ચલો ગુજરાતી રમતા શીખીએ" પુસ્તક કયા ભાષા વૈજ્ઞાનિકે આપ્યું છે?
(અ) ટી. એન. દવે (બ) યોગેન્દ્ર વ્યાસ (ક) ઊર્મિ દેસાઈ (ડ) પ્રબોધ પંડિત

(૯) "એ" અને "ઓ"ના પહોળા ઉચ્ચાર માટેની અલગ નિશાનીનું સૂચન કયા ભાષાશાસ્રીએ કરી આપ્યું છે/
(અ) પ્રબોધ પંડિત (બ) જયંત કોઠારી (ક) ઊર્મિ દેસાઈ (ડ) હરિવલ્લભ ભાયાણી

(૧૦) ટી. એન. દવેનું નામ જણાવો.
(અ) ત્ર્યબંકલાલ (બ) ત્રાપજકર દવે (ક) ત્રીકમલાલ દવે (ડ) ત્રીકેશલાલ

(૧૧) નીચેનામાંથી કયા ભાષા શાસ્રીએ સંસ્કૃતના અધ્યાપક તરીકે કામ કર્યું છે.
(અ) ટી. એન. દવે (બ) પ્રબોધ પંડિત (ક) નરસિંહરાવ દિવેટીયા (ડ) પ્રબોધ પંડિત

(૧૨) "બોલી વિજ્ઞાન અને ગુજરાતી બોલી" નામનું પુસ્તક કોનું છે?
(અ) ઊર્મિ દેસાઈ (બ) ટી. એન. દવે (ક) યોગેન્દ્ર વ્યાસ (ડ) પ્રબોધ પંડિત

------------------